# બ્રહ્માકુમારીઝ - ગુજરાત ગ્લોબલ રીટ્રીટ સેન્ટર ખાતે રક્તદાન કેમ્પ યોજાયો

તલોદ, તા. ૫

બ્રહ્માકુમારી સંસ્થાના ગુજરાત ઝોનના ડાયરેક્ટર રાજયોગીની બ્રહ્માકુમારી સ્વ. સરલાદીદીની ચોથી પુણ્યતિથિ નિમિત્તે ઉજેડિયા ચોકડી પાસે આવેલ ગુજરાત ગ્લોબલ રીટ્રીટ સેન્ટર (જ્ય્ઈઝ) ખાતે રક્તદાન શિબિરનું આયોજન રીટ્રીટ સેન્ટરના ડાયરેક્ટર અને મણીનગરના સંચાલિકા રાજયોગીની બ્રહ્માકુમારી નેહાબેનના અધ્યક્ષ સ્થાને દીપ પ્રાગટ્યથી અમદાવાદના બ્ર.કુ. નંદાબેન, અમરબેન, ખેરોલ ગ્રામ પંચાયતના સરપંચ કમલેશભાઈ, તલોદ સેવા કેન્દ્રના મુખ્ય સંચાલિકા બ્રહ્માકુમારી ચંપાદીદી, દેહગામ અને રખિયાલ સેવા કેન્દ્રના મુખ્ય સંચાલિકા બ્રહ્માકુમારી બહેનોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. આ પ્રસંગે રક્તદાતાના મોટા સમૂહે હાજર રહી ઉમદા કાર્ય માટે સહયોગ આપ્યો હતો. ગુજરાત ગ્લોબલ ક્લિનિકના ડો. કાલીદાસભાઈ, ડો. જયશ્રીબેન તેમજ રેડ ક્રોસ સોસાયટી અમદાવાદના ડો.અનિલભાઈ તથા તેમની ટીમના સાથ અને સહકારથી કાર્યક્રમ સંપન્ન થયો હતો. રક્તદાતાઓને ઈશ્વરીય ભેટ તથા બ્રહ્મા ભોજન આપી વિદાય આપવામાં આવી હતી.




# જાયન્ટ્સ ગ્રુપ ઓફ બાયડ અને જાયન્ટ્સ ગ્રુપ બાયડ સાહેલીનો શપથ વિધિ સમારોહ યોજાયો

## યુનિટની બીજી કાઉન્સિલ મીટીંગ પણ યોજાઈ




બાયડ, તા.૫

જાયન્ટ્સ વેલ્ફેર ફાઉન્ડેશનના ફેડરેશન ૩-સી.ના યુનિટ-૨માં સમાવિષ્ટ જાયન્ટ્સ ગ્રુપ ઓફ બાયડ અને જાયન્ટ્સ ગ્રુપ બાયડ સાહેલીના વર્ષ-૨૦૨૩-૨૪ના હોદ્દેદારોનો શપથ વિધિ સમારોહ રવિવારે સારસ્વત હાઈસ્કુલ-બાયડના સભાખંડમાં જાયન્ટ્સ ફેડરેશન ૩-સી.ના બ્રાન્ચ પ્રમુખ ભરતભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાઈ ગયો. પ્રાપ્ત માહિતી મુજબ અરવલ્લી જિલ્લામાં સેવાભાવિ સંસ્થામાં નામના મેળવનાર જાયન્ટ્સ ગૃપ ઓફ બાયડના વર્ષ-૨૦૨૩-૨૪ના નવા હોદ્દેદારોનો પદગ્રહણ સમારોહ બ્રાન્ચ પ્રમુખ ભરતભાઈ પટેલની અધ્યક્ષતામાં અને અધિકારી સ્પેશ્યલ કમીટી મેમ્બર-મુંબઈના કૌશિકભાઈ પટેલ અને યુનિટ ડાયરેક્ટર ગીરીશ પટેલ દ્વારા નવા વર્ષના પ્રમુખ તરીકે ફરી એકવાર શૈલેષકુમાર શંકરલાલ ભાટીયા અને સાહેલી પ્રમુખ તરીકે નિમિષા શૈલેષકુમાર ભાટીયા અને તેમની ટીમને શપથ લેવડાવ્યા હતા. વર્ષ દરમ્યાન ઉમદા સેવાકીય કાર્યો કરવાની સાથે બેટી બચાવો, બેટી પઢાઓ, વૃક્ષારોપણ, બ્લડ ડોનેશન કેમ્પ, કુપોષણ સામે જંગ, સર્વ રોગ નિદાન મફત કેમ્પ, આંખોની ચકાસણીનો મફત કેમ્પ વગેરે કાર્યક્રમો કરવા નવા હોદ્દેદારોએ સંકલ્પબદ્ધ બન્યા હતા. સમગ્ર શપથવિધિ સમારોહ એન.સી.એફ. ધર્મેશ એન. સોનીની આગેવાની હેઠળ સંપન્ન થયો હતો. તે પૂર્વે ફેડરેશન બ્રાન્ચ પ્રમુખનું સ્મૃતિચિન્હ અર્પણ કરી નવા વરાયેલા પ્રમુખ શૈલેષ એસ. ભાટીયા, સાહેલી પ્રમુખ નિમિષા ભાટીયા દ્વારા આવકાર સન્માન કરવામાં આવ્યું હતું. બીજા સેશનમાં યોજાયેલ કાઉન્સિલ મીટીંગનું આયોજન પણ કરવામાં આવ્યું હતું જેમાં બ્રાન્ચ પ્રમુખ ભરતભાઈ પટેલે ઉપસ્થિત સર્વે કાઉન્સિલ સભ્યોને આવકાર્યા હતા અને સેવાકીય પ્રવૃત્તિઓને વધુ વેગ આપવાની હાકલ કરી હતી. કાઉન્સિલ મીટીંગમાં ફેડરેશન ૩-સી. અને યુનિટ-૨ ના કૌશિકભાઈ પટેલ, અંબાલાલભાઈ પટેલ, ભાવેશભાઈ પટેલ, એરીયા ચીફ રાકેશભાઈ પંજાબી, ધર્મેશભાઈ સોની, મુકેશભાઈ પરમાર, પોપટભાઈ પટેલ વગેરે અધિકારી-પદાધિકારીઓ, કાઉન્સિલ સભ્યો, જાયન્ટ્સ ગૃપના સભ્યોએ હાજર રહી મીટીંગને સફળ બનાવી હતી.

# સાબરકાંઠા - અરવલ્લીમાં નાયક સમાજના વિદ્યાર્થીઓને મફત ચોપડા વિતરણ

## દાતાઓના સહયોગથી દર વર્ષે ચોપડા અપાતાં રાહત

સરડોઈ, તા.૫

સાબરકાંઠા - અરવલ્લી જિલ્લામાં નાયક સમાજના વિદ્યાર્થીઓને મફત ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું છે. દર વર્ષની જેમ આ વર્ષે દાતા સવિતા બેન કાંતિલાલ નાયક અને યોગેશ કુમાર નાયક (વડાલી) ના પરિવાર વતી સમાજના તમામ વિદ્યાર્થીઓને ઉગડતી શાળાએ ચોપડા આપવામાં આવતાં વિદ્યાર્થીઓને શિક્ષણમાં સહાય થઈ છે.પ્રાપ્ત જાણકારી મુજબ શ્રી નવસંસ્કરણ નાયક વિકાસ મંડળ અને અસાઈત નાયક સમાજ યુવા સંગઠન દ્વારા ડો.જગદીશ ભાઈ નાયક, ડો.અતુલ ભાઈ નાયક અને ડો.અશ્વિન ભાઈ નાયકના માર્ગદર્શન હેઠળ સમાજમાં શિક્ષણને પ્રોત્સાહન આપવાના પ્રયાસ થઈ રહ્યા છે .જેના ભાગરૂપે સમાજના દાતા ભાવના બેન નાયક, હીના બેન નાયક , દક્ષા બેન નાયક ,ડો.યશ્વી નાયક,યશ નાયક, પ્રેક્ષા નાયક અને હેત નાયક વગેરેના સહયોગથી સમાજના વિદ્યાર્થીઓને મફત ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું છે.



# ટ્રિનિટી સ્કૂલ કેમ્પસ ખાતે વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી



વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી અંતર્ગત તલોદ ખાતે આવેલ ટ્રિનિટી સ્કૂલ કેમ્પસ ખાતે વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરવામાં આવી હતી શાળાના ટ્રસ્ટી ડૉ કિરીટ પટેલના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતું આ પ્રસંગે આચાર્ય અલ્પેશભાઈ પટેલ સહિત શિક્ષકો અને વિદ્યાર્થીઓ જોડાયા હતા.

# ભાજપનું પ્રબુદ્ધ નાગરિક સંપર્ક અભિયાન...



ગાંભોઈ, તા, ૫.

સાબરકાંઠા ભારતીય જનતા પાર્ટી સોશિયલ મીડિયા ઈન્ફુલ આન્સર અને કલાક્ષેત્રમાં પ્રબુદ્ધ નાગરિકોના સમર્થન સંપર્ક અભિયાન હેઠળના ભાગરૂપે કચ્છ કડવા પાટીદાર સમાજના યુવા અગ્રણી રસિકભાઈ પટેલની પસંદગી થતા ભાજપા જિલ્લા અગ્રણી હોદ્દેદારો પ્રફુલભાઈ વ્યાસ, વાસુદેવભાઈ રાવલ, નીલાબેન પટેલ, દેવાંગ શુક્લા વગેરે રૂબરૂ મુલાકાત લીધી હતી.

# ફૌજી છું કહીં ઈકો કાર ચાલકે સાઠંબા પોલીસકર્મીઓ પર હુમલો કર્યો

## કારમાં બાળકનું અપહરણ થયું હોવાના મેસેજ મળતા કારને અટકાવી હતી

મોડાસા, તા. ૫

અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના સાઠંબા પોલીસ સ્ટેશનમાં ઈન્દ્રાણ ગામના વ્યક્તિએ ફોન કરી દિલ્હી પાસિંગની ઈકો કારમાં આવેલ એક પુરુષ અને બે મહિલાઓએ તેમના પૌત્રનું અપહરણ કર્યું હોવાનું જણાવતા પોલીસ સતર્ક બની નાકાબંધી કરી કારને અટકાવવાનો પ્રયાસ કરતા કાર ચાલકે હું ફૌજી છું કહીં બોલાચાલી કરી ઈકો હંકારી મુકતા અન્ય પોલીસ કર્મીઓએ ગાબટ નજીક નાકાબંધી કરી ઈકો કારને રોકતા કાર માંથી ઉતરેલ માથભારે શખ્સે બે પોલીસકર્મી પર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા ભારે ચકચાર મચી છે પોલીસે હુમલાખોર ઈકો કાર ચાલકને દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. સાઠંબા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એએસઆઈ બ્રિજેશ કુમાર રમણલાલ અને અન્ય પોલીસકર્મીઓ સાથે પીસીઆર વાનમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે સાઠંબા પોલીસ સ્ટેશનમાં ઈન્દ્રાણ ગામના અમરસિંહ નામના વ્યક્તિએ ફોન કરી ડીએલ પાસિંગની ઈકો કારમાં આવેલ એક પુરુષ અને બે મહિલાઓએ તેમના પૌત્રને ભગાડી હોવાનું જણાવતા પોલીસ સતર્ક બની વોચમાં ગોઠવાઈ હતી બાતમી આધારિત ઈકો કાર આવતા તેને અટકાવતા ઈકો કારના ચાલકે કાર ઉભી રાખી હું ફૌજી છું તમારી હિંમત કેવી રીતે થઈ મારી ગાડી ઉભી રાખવાની કહીં પોલીસકર્મીઓ સાથે બોલાચાલી કરી ઈકો કાર હંકારી મુકતા પોલીસ પણ ચોકી ઉઠી હતી અને ગાબટ આઉટ પોસ્ટ પર ફરજ બજાવતા કર્મી ને જાણ કરતા અન્ય માણસો સાથે રાખી નાકાબંધી કરી ઈકો કારને અટકાવી હતી અને પીસીઆર વાન પણ સ્થળ પર પહોંચી હતી ઈકો કાર ચાલકને તેમને ટેલિફોનિક વર્ધી મળી હોવાનું જણાવી ઈકો કાર સાથે પોલીસ સ્ટેશન લઈ જવાનું જણાવ્યું હતું

ઈકો કાર ચાલક જ્ઞાનદીપસિંહ રૂમાલસિંહ પાંડોર ઉશ્કેરાઈ ગયો હતો મૈ કોઈ નું અપહરણ કર્યું નથી હું પોલીસ સ્ટેશન નહીં આવું જો પોલીસ સ્ટેશન લઈ જશો તો કોઈ ને જીવતા નહીં છોડું કહી અચાનક ઉશ્કેરાઈ જઈ એએસઆઈ બ્રિજેશ કુમારને નખ મારી લાતો ફટકારી અન્ય પોલીસકર્મી ધર્મેન્દ્રસિંહના માથામાં ઈકો કારની ચાવીનો ઘા કરતા લોહીલુહાણ થયા હતા પોલીસકર્મીઓને બિભસ્ત ગાળો બોલી જાન થી મારી નાખવાની ધમકી આપતા પોલીસકર્મીઓએ ઈકો કારને દબોચી લીધો હતો




સાઠંબા પોલીસ એએસઆઈ બ્રિજેશકુમાર રમણલાલની ફરીયાદના આધારે ઈકો કાર ચાલક જ્ઞાનદીપસિંહ રૂમાલસિંહ પાંડોર (રહે,સાખવાણીયા, તા-માલપુર) વિરુદ્ધ ઈપીકો કલમ-૩૩૨,૩૨૩,૫૦૪, ૫૦૬ (૨) મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

# પાલનપુર અંબાજી માર્ગ ઉપર આવેલા જલોતરા પંથકમાં વાવાઝોડા સાથે વરસાદ તૂટી પડતાં વ્યાપક નુકસાન

## ખેતરોમાં વાવેલ પપૈયાના છોડ જમીન દોસ્ત થઇ જતા ખેડૂતોને નુકશાન

પાલનપુર તા.૫

બનાસકાંઠા જિલ્લામાં રવિવાર ની રાત્રે ત્રાટકેલા વાવાઝોડાએ વડગામના જલોત્રા પંથકમાં પણ તારાજી સર્જી હતી જેમાં મકાનો ના છાપરા અને ઢાળીયા ના પતરા ઉડી જવાની સાથે ખેતરોના તૂટી પડતાં લોકોના ખેતરોમાં બાંધેલ ઢાળીયાંના પતરા ઉડી ગયા હતા. અને ઠેર ઠેર ઝાડ પણ ધરાશાઈ થયા હતા .જેમાં પાલનપુર અંબાજી હાઈવે પરના મોટા હોર્ડિંગ્સ પણ પડી ગયા હતાં અને દુકાનો તથા ગોડાઉન ના પતરા પણ વાવાઝોડામાં ફગોલાયા હતા હતા જેમાં દુધમંડળી પર લાગેલ સોલાર ની પ્લેટો પણ ઉડી હતી. અને ખેડૂત કેશાભાઈ ભટોળના ખેતરમાં પતરાનો શેડ પડી જતા ગાયનું પણ મરણ થવા પામ્યુ હતું. ગામ તથા ખેતરોમાં



વાવેલ પપૈયા ના છોડ જમીન દોસ્ત થઈ જતા વ્યાપક નુકશાન થયું છે ત્યારે તંત્ર દ્વારા નુકશાનનો સર્વે કરી અસરગ્રસ્ત લોકોને સહાય ચુકવવામાં આવે તેવી માંગ ઉઠી છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,વડગામ તાલુકાના જલોતરા પંથકમાં રવિવારે સાંજે એકાએક વાતાવરણમાં પલ્ટો આવતા વાવાઝોડા સાથે વરસાદ વીજળી ના થાંભલા પણ પડી જતા વીજપુરવઠો ખોરવાયો હતો જોકે વાવાઝોડા સાથે વરસાદ થી ખેડુતોના ખેતરોમાં ઉભેલા પૈપયાના છોડ પણ મોટા પ્રમાણમાં જમીન દોસ્ત થઈ ગયા હતા.

બાજરીના ઉભા પાકનો સોથ વળી જતા ખેડૂતોને ભારે નુકશાન થયુ છે ત્યારે તંત્ર દ્વારા નુકશાનનો સર્વે કરી અસરગ્રસ્ત લોકોને સહાય ચુકવવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# બનાસકાંઠાના થરાદ અને ધાનેરાના ૨૦૦થી વધુ તળાવ ભરવા માટે રાજ્ય સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય

## વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી અને ધાનેરાના ધારાસભ્ય માવજી દેસાઈની મહેનત રંગ લાવી : ૬૧ કિ.મી મુખ્ય લાઈન અને ૧૩૫ કિ.મી લાંબી પેટા લાઇન તેમજ ત્રણ પમ્પીગ સ્ટેશન માટે ૧૪૧૧ કરોડ ની ફાળવણી

ડીસા, તા. ૫

બનાસકાંઠાના સરહદી વિસ્તાર ગણાતા થરાદ અને ધાનેરા પંથકના ખેડૂતોને સિંચાઈ માટે પાણીની સુવિધા મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા ૧૪૧૧ કરોડ જેટલી માતબર રકમની ફાળવણી કરી થરાદ અને ધાનેરાના ૨૦૦ જેટલા તળાવોને નર્મદાથી નીર ભરવા એક ઐતિહાસિક નિર્ણય લેવાતા ખેડૂતો માં ખુશી વ્યાપી જવા પામી છે. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને થરાદના ધારાસભ્ય શંકરભાઈ ચૌધરી દ્વારા થરાદ પંથકના ગામોને નર્મદા યોજના આધારિત સિંચાઈનું પાણી મળી રહે તે માટે અથાગ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે તેમજ ધાનેરાના ધારાસભ્ય માવજી દેસાઈ દ્વારા પણ ધાનેરા તેમજ દાંતીવાડા પંથકના ખેડૂતોને પાણીની સમસ્યાના કાયમી ઉકેલ માટે વારંવાર મુખ્યમંત્રી સહિતને રજૂઆત કરવામાં આવી હતી ત્યારે ગુજરાત સરકારના મુખ્યપ્રધાન ભુપેન્દ્ર પટેલ દ્વારા બનાસકાંઠાના થરાદ અને ધાનેરા તાલુકાના મળી ૨૦૦ જેટલા તળાવને નર્મદાના નિર થીં ભરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં સિંચાઈ વિભાગ દ્વારા થરાદ અને ધાનેરા તાલુકાને જોડતી ૬૧ કિમી લાંબી મુખ્ય પાઈપલાઈન અને ૧૩૫ કિલોમીટર લાંબી પેટા લાઈન દ્વારા પાણી વહન કરવા માટે ત્રણ પંપીગ સ્ટેશન બનાવવા માટે એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. જો કે આ યોજના માટે રાજ્ય સરકાર દ્વારા ૧૪૧૧ કરોડ જેટલી મતદાર રકમની ફાળવણી કરવામાં આવી છે. જેથી થરાદ અને ધાનેરાના ખેડૂતોમાં આનંદની લાગણી વ્યાપી જવા પામી છે.

# ધાનેરા ફકીર સમાજ દ્વારા ઉનાવામાં ફકીર સમાજના યુવાનની થયેલ હત્યાના આરોપીઓ વિરુદ્ધ ધાનેરા નાયબ કલેકટરને આવેદનપત્ર અપાયું

ધાનેરા તા.૫

ઊંઝા તાલુકાના ઉનાવા ગામે છ વર્ષ પૂર્વે પઠાણો સાથે સૈયદોને ઝઘડો થયેલ જેના સમર્થનમાં ઉભા રહેલા ફકીર સમાજના યુવક ઉપર તેની અદાવત રાખીને કેટલાક ઈસમોએ રાત્રીના સમયે હુમલો કરી માર મારતા મોત થયું હતું . જેથી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે જે મુદ્દે ધાનેરા ફકીર સમાજના આગેવાન આદીલશા દિવાનની આગેવાની હેઠળ મૃતક પરિવારને યોગ્ય ન્યાય મળે તે મુદ્દે ધાનેરા નાયબ કલેકટરશ્રીને યોગ્ય તપાસ કરી ગુનેગારોને સજા મળે તેવી માંગ સાથે આવેદનપત્ર પાઠવ્યું હતું.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, આવેદનપત્ર સ્વીકાર કરતા અધિકારીએ યોગ્ય તપાસ કરવાનો દિલાસો આપ્યો હતો. બનાવની વિગતો મુજબ ફકીર સમાજનો યુવક જાફર શાહ ઉર્ફે ઈમ્તિયાઝ શાહ તા ૨૬ /૦૫/૨૦૨૩ના રોજ સાહિલ હોટલ પાસે ઉભો હતો ત્યારે છ વર્ષ પૂર્વે પઠાણો સાથે સૈયદોને ઝઘડો થયેલો તેની અદાવતમાં કેટલાક ઈસમો દ્વારા માર મારી તેના હત્યા કરી નાખી હતી . જે અંગેની મૃતકના પરિવાર તરફથી પોલીસ મથકે નામજોગ ફરીયાદ નોંધાઈ છે મૃતકના પરિવારને ન્યાય મળે તે મુદ્દે યોગ્ય તપાસ કરી ગુનેગારોને સજા થાય તેવી માંગ સાથે નાયબ કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું છે. આજે ધાનેરા ફકીર સમાજના આગેવાનો અને યુવાનો દ્વારા લેખિતમાં રેલી સ્વરૂપે ધાનેરા કલેકટર કચેરીએ પહોંચી ધાનેરા નાયબ કલેકટરને આવેદપત્ર આપી આરોપીઓને તાત્કાલિક ઝડપવા માંગ કરી છે. આ હત્યામાં સંડોવાયેલા અને કાવતરું ઘડનાર તમામ આરોપીઓની તાત્કાલિક ધરપકડ થાય, અને ફરાર થઈ ગયા હોય તો તેમના ઈનામ રાખીઆખા ગુજરાતમાં વોટેન્ડના ફોટો લગાવવામાં આવે હત્યામાં સંડોવાયેલા તમામ આરોપીઓ સામે પાસા અને ગુજસીટોક કાયદા અંતર્ગત કલમો સમાવેશ કરવામાં આવે મરણ જનાર યુવકના પરિવારને પોલીસ સુરક્ષા આપવામાં આવે હત્યા કરનારા આરોપીઓના ઘર હોટેલ ઓફિસ પર કોમ્બિંગ કરી ઘાતક હથિયાર કબ્જે કરવામાં આવે સહિત અનેક માંગો કરવામાં આવી હતી.

